# સાનિયા મિર્ઝાની રેકોર્ડ સિદ્ધિ

## મહિલા ડબલ્સ ગ્રાન્ડસ્લેમ ટ્રોફી જીતનાર ભારતની પ્રથમ મહિલા બની : રશિયાની જોડી ઉપર પ્રથમ સેટ ગુમાવી દીધા બાદ થ્રીલીંગ અને અતિ રોમાંચક ફાઇનલમાં સાનિયા-હિંગીસની ઐતિહાસિક જીત : કરોડો ચાહકો રોમાંચિત



લંડન,તા. ૧૨

ભારતની સ્ટાર ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝા અને સ્વીત્ઝર્લેન્ડની માર્ટિના હિન્ગીસની જોડીએ આજે ઈતિહાસ રચીને વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપમાં મહિલા વર્ગમા ડબલ્સનો તાજ જીતી લીધો હતો. સાનિયા અને હિન્ગીસની જોડીએ વિમ્બલ્ડન મહિલા ડબલ્સનો તાજ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બની ગઈ હતી. આ પહેલા સાનિયા મિકસ્ડ ડબલ્સમાં ઓસ્ટ્રેલિયન, ફ્રેન્ચ અને યુએસ ઓપનમાં તાજ જીત્યા છે. સાનિયા અને માર્ટિના હિન્ગીસની વિજેતા જોડીને ૫.૪૭ લાખ ડોલરની રકમ મળી હતી. કે વર્ષ ૨૦૦૩માં રશિયન પાર્ટનર એલિસા સાથે મળીને સાનિયાએ મહિલા ડબલ્સમાં જુનિયરનો તાજ જીત્યો હતો.

સાનિયા તેની યશકલગીમાં પહેલાથી કેટલાક મોરપીછુ ધરાવે છે. વર્ષ ૨૦૦૯માં તે મહેશ ભુપતિની સાથે મળીને ઓસ્ટ્રેલિયન ઓપનમાં મિકસ્ડ ડબલ્સ ટાઈટલ જીતી ગઈ હતી. ત્યારબાદ ભૂપતિ સાથે મળીને ૨૦૧૨માં તે ફ્રેન્ચ ઓપનમાં ડબલ્સ મિક્સ્ડ જીતી હતી. સાનિયા હવે ચારેય ગ્રાન્ડ સ્લેમમાં ડબલ્સમાં સિદ્ધી ધરાવે છે. સાનિયા મિર્ઝા અને હિન્ગીસની જોડી વિમ્બલ્ડનમાં ટોપ જોડી તરીકે મેદાનમાં ઉતરી હતી. સાનિયાએ પ્રથમ મહિલા ડબલ્સનો તાજ જીતી લીધો છે. હિન્ગીસ માટે પણ આ સફળતા મહત્વપૂર્ણ છે. કારણ કે ૧૭ વર્ષ, બાદ તે ફાઈનલમાં જીત મેળવવામાં સફળ રહી છે. મેચની શરૂઆત સારી રહી ન હતી અને પ્રથમ સેટમા ટાઈ બ્રેકમાં હાર થઈ હતી. સાનિયા મિર્ઝા પ્રથમ વખત વિમ્બલ્ડનમાં ડબલ્સમાં ફાઈનલમાં પહોંચી હતી અને ટાઈટલ જીતી ગઈ હતી. સાનિયાની પાર્ટનર હિન્ગીસ પાસે હજુ ભારતના લિયાન્ડર પેસની સાથે મળીને મિકસ્ડ ડબલ્સમાં તાજ જીતવાનો પણ મોકો છે.



### સાનિયા મિર્ઝા - માર્ટિના હિંગીસ સાથે વિમ્બલ્ડન ડબલ્સનો તાજ

ફાઈનલ મેચમાં રશિયન જોડી એકાતેરીના માકારોવા અને એલેના વેસનિનાની જોડી પર પ્રથમ સેટ ગુમાવી દીધા બાદ ૫-૭, ૭-૬ અને ૭-૫થી જીત મેળવી લીધી હતી. આ જીતની સાથે જ સાનિયા મિર્ઝા સાનિયાએ અભૂતપૂર્વ સિદ્ધી હાંસલ કરી લીધી છે. પ્રોફેશનલ ટેનિસમાં એન્ટ્રી કર્યાના ૧૨ વર્ષ બાદ સાનિયા મિર્ઝાના હાથે વિમ્બલ્ડનમાં આ ટ્રોફી આવી હતી. આ ખુબ સંજોગની વાત છે

# સોનિયા ગાંધીની આજે ઈફતાર ડિનર પાર્ટી : તમામને આમંત્રણ

## મોનસુન સત્રમાં અપનાવવામાં આવનાર વ્યૂહરચના પર ચર્ચા થશે : ૨૧ જુલાઈથી સંસદનું મોનસુનનું સત્ર શરૂ થશે : મુલાયમ, માયાવતી, શરદ પવાર, સીતારામ યેચુરી, દેવગૌડાને આમંત્રણ આપવામાં આવ્યું : અહેવાલ

નવીદિલ્હી,તા. ૧૨

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આવતીકાલે ઈફતાર ડીનર પાર્ટીનું આયોજન કર્યું છે જેમાં સંસદના મોનસુન સત્રમાં વિરોધ પક્ષ દ્વારા અપનાવવામાં આવનાર વ્યૂહરચના ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. સંસદનું મોનસુન સત્ર ૨૧મી જુલાઈના દિવસથી શરૂ થઈ રહ્યું છે. આ સત્રના સંદર્ભમાં આવતીકાલે બોલાવવામાં આવેલી બેઠકને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સોનિયા ગાંધીની ઈફતાર ડીનરમાં વિરોધ પક્ષો મહત્વપૂર્ણ ચર્ચા કરનાર છે. લલિત મોદી વિવાદ, વ્યાપમ કૌભાંડને લઈને વિરોધ પક્ષો આક્રમક મૂડમાં દેખાઈ રહ્યા છે. વિરોધ પક્ષો મોદી સરકારની વ્યૂહરચનાનો સામનો કરવા માટે પણ તૈયાર છે. ભાજપ વિરોધી પોલિસીના વિરોધીઓ આ બેઠકમાં ઉપસ્થિત રહેનાર છે. મોદી સરકારે ગયા વર્ષે મે મહિનામાં સત્તા સંભાળી હતી. ત્યારબાદ મોદી સરકાર છેલ્લા કેટલાક દિવસથી વ્યાપમ અને લલિત મોદી મામલાને લઈનેઆક્ષેપબાજીનો સામનો કરી રહી છે.

સોનિયા ગાંધીની ઈફતાર ડીનર પાર્ટીમાં જે નેતાઓને આમંત્રણ આપવામાં આવ્યા છે તેમાં મુલાયમસિંહ યાદવ, માયાવતી, શરદ પવાર, સીતારામ યેચુરી, એચડી દેવગૌડા, કાનીમોઝી, રાજા, ફારુક અબ્દુલ્લા, સુદીપ બંદોપાધ્યાયનો સમાવેશ થાય છે. આરજેડીના નેતા લાલૂ યાદવને આમંત્રણ આપવામાં આવ્યું છે પરંતુ તેઓ અગાઉના કાર્યક્રમો હોવાના કારણે આ બેઠકમાં ઉપસ્થિત રહેનાર નથી. બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર અને જેડીયુના પ્રમુખ શરદ યાદવ પણ આમંત્રિતોમાં સામેલ છે. ઓલ ઈન્ડિયા મઝલિસે ઈતેહાદુલના નેતાઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે.

### રાહુલ વિભાજન બાદ આંધ્રપ્રદેશની મુલાકાતે

નવીદિલ્હી,તા. ૧૨

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી આંધ્રપ્રદેશની મુલાકાત લેનાર છે. વિભાજન બાદ રાહુલ ગાંધીની આ યાત્રાને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. રાહુલ ગાંધી ૨૪મી જુલાઈના દિવસે અનંતપુરમાં રહેશે જ્યાં તેઓ ૧૦ કિલોમીટરની પદયાત્રા હાથ ધરશે અને જિલ્લામાં ખેડૂતો સાથે ત્રણ ગામમાં વાતચીત કરશે. મનરેગાના વર્કરો સાથે પણ વાતચીત કરનાર છે. મનરેગાના વર્કરોને કામ મળી રહ્યું નથી. આ ઉપરાંત અન્ય સંગઠનોને પણ પુરતા પ્રમાણમાં કામ મળી રહ્યું નથી. આવી સ્થિતિમાં રાહુલ ગાંધી રજૂઆત કરે તેવી શક્યતા છે. રાહુલ ગાંધીના એક દિવસના પ્રવાસ દરમિયાન પાર્ટીની સ્થિતિને મજબૂત કરવાના પ્રયાસ પણ કરવામાં આવશે. તેલંગાણાની રચના કરવામાં આવ્યા બાદથી કોંગ્રેસની હાલત કફોડી દેખાઈ રહી છે. કોંગ્રેસની હાલત ખુબ જ કફોડી બન્યા બાદ સભ્ય નોંધણી ઝુંબેશમાં પણ કોંગ્રેસને પુરતા સભ્યો હાથ લાગી રહ્યા નથી. કોંગ્રેસ પાર્ટીની હાલત ખુબ જ કફોડી હોવાથી ભાજપ પોતાની સ્થિતિને મજબૂત કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. રાહુલની યાત્રાને લઈને કાર્યકરો ઉત્સાહિત છે.

# અંકુશરેખા પર ઘુસણખોરીનો પ્રયાસ : ત્રણ ત્રાસવાદી ફૂંકાયા

## યુદ્ધવિરામનો ભંગ કરી ઘણા ત્રાસવાદીને ઘુસાડી દેવાની સતત ખતરનાક યોજનાઓ : ભારતીય સેના સંપૂર્ણ સજ્જ

શ્રીનગર,તા.૧૨

જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓ દ્વારા મોટાપાયે ઘુસણખોરીના પ્રયાસો યથાવતરીતે જારી રાખવામાં આવ્યા છે. આના ભાગરુપે કેરન સેક્ટરમાં અંકુશરેખા ઉપર ઘુસણખોરીનો એક મોટો પ્રયાસ ભારતીય સેનાએ નિષ્ફળ બનાવી દીધો હતો. ત્રણ આતંકવાદીઓને ભારતીય સેનાએ ઠાર માર દીધા હતા. તેમની પાસેથી એકે રાયફલ, યુજીબીએલ, કારતુસ, અન્ય હથિયારોનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. અંકુશરેખા પરથી યુદ્ધ વિરામ ભંગના હાલમાં સતત બનાવ બની રહ્યા છે. પાકિસ્તાન દ્વારા આતંકવાદીઓને મોટાપાયે ઘુસાડવાના પ્રયાસો થઈ રહ્યા છે. ત્રાસવાદીઓ જમ્મુ કાશ્મીરમાં ઘુસીને અંધાધૂંધી સર્જે તેવો હેતુ દેખાઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા હાલમાં જ રશિયન શહેર ઉફામાં પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ સાથે વાતચીત કરી હોવા છતાં પાકિસ્તાન દ્વારા તેના વર્તનમાં કોઈ ફેરફાર કરવામાં આવી રહ્યો નથી અને આતંકવાદી ગતિવિધિને ટેકો જારી રહ્યો છે.



છઠ્ઠી જુલાઈના દિવસે પાકિસ્તાની સેનાએ જમ્મુના અર્ણિયા સેક્ટરમાં બીએસએફની ચોકીઓને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. નૌગામમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો જેમાં બીએસએફની ૧૧૯મી બટાલિયનનનો જવાન શહીદ થયો હતો. પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારનો ભારતીય જવાનોએ જોરદાર જવાબ આપ્યો હતો. સુરક્ષા સંસ્થાઓ પહેલાથી જ કહી રહી છે કે સરહદ પારથી હાલમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ ઘુસણખોરી કરી શકે છે. ભારતમાં ઘુસણખોરી કરવા માટે મોટી સંખ્યામાં આતંકવાદીઓ સજ્જ થયેલા છે.

### કર્મચારીઓને સંપત્તિની વિગતો ૧૫મી ઓક્ટોબર સુધી આપવા જણાવાયું

નવી દિલ્હી,તા.૧૨

તમામ કેન્દ્ર સરકારના કર્મચારીઓને ૧૫મી ઓક્ટોબર સુધી તેમની સુધારેલી સંપત્તિની વિગત આપી દેવા માટે કહેવામાં આવ્યું છે. લોકપાલ એક્ટની જોગવાઈ હેઠળ આ વર્ષે ૧૫મી ઓક્ટોબર સુધી સંપત્તિ અને જવાબદારીની વિગત આપવા માટે સૂચના આપવામાં આવી છે. ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ દ્વારા તમામ સરકારી કર્મચારીઓ માટે જાહેરનામુ જારી કરી દેવામાં આવ્યું છે. જે લોકો તેમના વાર્ષિક સંપત્તિ રિટર્નના સંદર્ભમાં માહિતી આપી ચુક્યા છે તે લોકોને વિગતો આપવા માટે કહેવામાં આવ્યું છે. લોકપાલ એક્ટ હેઠળ સંપત્તિની વિગતની જાહેરાતને લઈને ચર્ચાઓ શરૂ થઈ ચુકી છે. ૨૦૧૪ માટે રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ ૧૫મી સપ્ટેમ્બર હતી જેને વધારીને ડિસેમ્બરના અંત સુધી લઈ જવામાં આવી હતી ત્યાર બાદ ૩૦મી એપ્રિલ કરાઈ હતી અને હવે ૧૫મી ઓક્ટોબર કરવામાં આવી છે.

# ગયા વર્ષની સરખામણીમાં મહેસુલી સ્થિતિ સારી : અરૂણ જેટલી

નવી દિલ્હી,તા.૧૨

નાણામંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, ફુગાવો સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હેઠળ છે. સારો વરસાદ પડશે તો સ્થિતિ વધારે સુધરશે. જેટલી કહ્યું હતું કે, સીપીઆઈ ફુગાવો એપ્રિલ મહિનામાં ૪.૮૭ ટકાની સરખામણીમાં મે મહિનામાં ૫.૦૧ ટકાની ત્રણ મહિનાની ઉંચી સપાટીએ પહોંચ્યો છે. તેમણે માહિતી આપતા કહ્યું છે કે, ફુગાવાને અંકુશમાં રાખવામાં સરકાર સફળ રહી છે. નાબાર્ડ દ્વારા આયોજિત એક સેમિનારમાં બોલતા તેમણે કહ્યું હતું કે, કૃષિ મંત્રી તેમને માહિતી આપી ચુક્યા છે કે, સારા વરસાદની સાથે કઠોળનું ઉત્પાદન વધુ ઉંચુ જનાર છે. જૂન મહિનામાં કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ ફુગાવાના આંકડા આ સપ્તાહમાં જારી કરવામાં આવનાર છે. જે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ત્રીજી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષાના નિવેદન પહેલા છેલ્લા રિટેલ ફુગાવાના આંકડા રહેશે. સીપીઆઈ ફુગાવો મે મહિનામાં ૫.૦૧ ટકાની ત્રણ મહિનાની ઉંચી સપાટીએ પહોંચ્યો છે. જો કે, રિટેલ ફુડ ફુગાવો એપ્રિલ મહિનામાં ૫.૧૧ ટકાથી ઘટીને ૪.૮૦ ટકા થયો છે. એક વર્ષ અગાઉ આ આંકડો ૮.૮૯ ટકા હતો. હવામાન વિભાગનું કહેવું છે કે, બીજી જુલાઈથી ૮મી જુલાઈ વચ્ચેના ગાળામાં વરસાદ ૬૧.૪ મિલિમીટરની સામે ૩૦.૧ મિલિમીટર રહ્યો છે. જેટલીનું કહેવું છે કે, કૃષિ સેક્ટર માટે કેટલીક રાહતો જારી કરવામાં આવનાર છે. તેલિબિયાનું ઉત્પાદન વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મહેસુલ સ્થિતિ ગયા વર્ષની સરખામણીમાં વધુ સારી રહેશે. તમામ માઈક્રો પેરામીટરો બિલકુલ નિયંત્રણમાં છે. આ વર્ષે વિકાસદર આઠ ટકા રહેવાની શક્યતા છે જે સારા સમાચાર છે. જો જીએસટી અને સ્માર્ટ સિટીને અમલી બનાવાશે તો આઠ ટકાનો વિકાસ દર જોવા મળશે. જેટલીએ આશા વ્યક્ત કરી હતી કે, જીએસટી બિલ સંસદમાં પસાર થઈ શકશે. ૨૧મી જુલાઈથી મોનસુન સત્ર શરૂ થઈ રહ્યું છે.

# ઉત્તર ભારતમાં ભારે વરસાદ

## ભારે વરસાદથી અમરનાથ અને કેદારનાથની યાત્રાને રોકી દેવાઈ : ઉત્તર ભારતમાં ભારે વરસાદના કારણે જનજીવન સતત ખોરવાયું : રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં બીજા દિવસે ધોધમાર વરસાદથી જળબંબાકારની સ્થિતિ : પગલા લેવાયા હોવાનો કેજરીવાલનો દાવો : ભારે વરસાદની ચેતવણી





નવીદિલ્હી,તા. ૧૨

ઉત્તર ભારતના રાજ્યોમાં આજે પણ સતત બીજા દિવસે ભારે વરસાદ જારી રહ્યો હતો. દેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે જનજીવન ખોરવાયેલું રહ્યું હતું. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આજે સતત બીજા દિવસે કોઈપણ રાહત મળી ન હતી અને જળબંબાકારની સ્થિતિ રહી હતી. બીજી બાજુ અમરનાથ યાત્રા અને કેદારનાથ યાત્રાને પણ ભારે વરસાદ અને ભેખડો ધસી પડવાના બનાવોના કારણે રોકી દેવાની ફરજ પડી હતી. ઉત્તર ભારતમાં ભારે વરસાદની સ્થિતિમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પણ અમરનાથ યાત્રા અને કેદારનાથ યાત્રામાં અટવાયા હોવાનું જાણવા મળ્યું છે. મળેલી માહિતી મુજબ ઉત્તરાખંડમાં અતિભારે વરસાદ પડી રહ્યો છે જેના પરિણામ સ્વરુપે કેદારનાથની યાત્રા રોકી દેવામાં આવી છે.

રુદ્રપ્રયાગ અને આસપાસના વિસ્તારોમાં અતિભારે વરસાદ પડી રહ્યો છે. ઉત્તરાખંડમાં એલર્ટની જાહેરાત પણ કરવામાં આવી છે. આગામી બે દિવસ સુધી અતિ ભારે વરસાદ પડવાની ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. ચારધામની યાત્રામાં ગયેલા શ્રદ્ધાળુઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીરમાં અતિ ભારે વરસાદના પરિણામ સ્વરુપે વાર્ષિક અમરનાથ યાત્રાને રોકી દેવામાં આવી છે.

ઉધમપુર જિલ્લામાં ગાંગરુ વિસ્તારમાં જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે જેના લીધે ઉત્તર કાશ્મીર બલતાલ અને દક્ષિણ કાશ્મીર પહેલગામ બંને રુટથી યાત્રાને રોકી દેવામાં આવી છે. બંને કેમ્પથી કોઈપણ યાત્રીઓને આગળ વધવાની મંજુરી આપવામાં આવી રહી નથી. હજુ સુધી અમરનાથમાં ૧.૫૦ લાખ શ્રદ્ધાળુઓ દર્શન કરી ચુક્યા છે. દક્ષિણ કાશ્મીરમાં અનંતનાગ જિલ્લામાં દરિયાઈ સપાટીથી ૧૪૫૦૦ ફૂટની ઉંચાઈએ સ્થિત હિમાલયન ગુફામાં બરફના શિવલિંગના દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે પરંતુ ખરાબ હવામાનના લીધે હાલત કફોડી બનેલી છે. આજે સતત બીજા દિવસે દિલ્હીમાં ભારે વરસાદ જારી રહ્યો હતો. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું છે કે, છેલ્લા ૩૬ કલાકની અંદર આઠ ઈંચથી વધારે વરસાદ પડી ચુક્યો છે. સરકાર દ્વારા પરિસ્થિતિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. ગયા વર્ષની સરખામણીમાં ઓછા પાણી ભરાયા છે પરંતુ સ્થિતિ ઉપર નજર છે. આવી જ રીતે હરિયાણા, પંજાબ, હિમાચલ પ્રદેશમાં આગામી કલાકોમાં ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ચારેબાજુ પાણી ભરાઈ ગયા છે જેથી લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પારો ઉલ્લેખનીયરીતે ઘટી ગયો છે. સતત બીજા દિવસે ભારે વરસાદના પરિણામ સ્વરુપે રાષ્ટ્રીય પાટનગરમાં જળબંબાકારની સ્થિતિ રહી હતી. રસ્તાઓ ઉપર પાણી ભરાઈ ગયા હતા. લોકો કલાકો સુધી જુદી જુદી જગ્યાઓએ અટવાઈ પડ્યા હતા. પંજાબ, હરિયાણા, રાજસ્થાનના જુદા જુદા ભાગો, ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદ થયો છે. પહાડી રાજ્ય ઉત્તરાખંડમાં અતિ ભારે વરસાદ થયો છે જેના કારણે સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. ઉત્તરાખંડમાં ભારે વરસાદના કારણે ચારધામની યાત્રાને રોકી દેવાની ફરજ પડી છે. નૈનીતાલમાં ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. બદ્રીનાથ તરફ દોરી જતાં માર્ગ ઉપર ભારે વરસાદ થતાં ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. સેકડોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જુદી જુદી જગ્યાઓએ અટવાઈ પડ્યા છે. આ શ્રદ્ધાળુઓને યોગ્ય સ્થળ ઉપર મોકલવામાં આવ્યા છે. ગંગોત્રી હાઈવે ઉપર નાલુપાનીમાં ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે.

# પરોક્ષ કરવેરાની વસુલાતમાં ૩૩ ટકાનો નોંધાયેલો વધારો

## જૂન માસમાં પરોક્ષ કરવેરામાંથી કેન્દ્ર સરકારને ૫૭૩૫૭ કરોડ રૂપિયા મળ્યા : એક્સાઇઝ ડ્યુટીમાં વધારો નોંધાયો

નવી દિલ્હી,તા.૧૨

કેન્દ્ર સરકારે આ વર્ષે જુન મહિનામાં પરોક્ષ કરવેરામાંથી ૫૭૩૫૭ કરોડ રૂપિયા એકઠા કરી લીધા છે. જે એક વર્ષ અગાઉ એકત્રિત કરવામાં આવેલા ૪૩૦૨૫ કરોડના આંકડાની સરખામણીમાં ૩૩.૩ ટકા વધારે છે. એક્સાઈઝ ડ્યુટી મારફતે જંગી વધારો થયો છે. જુનમાં પુરા થયેલા ત્રિમાસિક ગાળા દરમિયાન પરોક્ષ કરવેરા વસુલાતમાં એક્સાઈઝ મોરચે ૩૭ ટકાનો વધારો થયો છે. જુનમાં પુરા થયેલા ત્રિમાસિક ગાળા દરમિયાન પરોક્ષ કરવેરા વસુલાતનો આંકડો ૧.૫૪ લાખ કરોડ રહ્યો છે. જે એક વર્ષ અગાઉ આ જ ગાળામાં ૧.૧૨ લાખ કરોડ હતો. પરોક્ષ કરવેરા વસુલાતમાં વધારો થવા માટે કેટલાક પગલા જવાબદાર છે. જેમાં નવેમ્બર ૨૦૧૪ અને જાન્યુઆરી ૨૦૧૫ વચ્ચે પેટ્રોલિયમ પેદાશો પર એક્સાઈઝ ડ્યુટીમાં વધારો પણ જવાબદાર છે. સાથે સાથે ઓટો અને અન્ય કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ પર એક્સાઈઝ ડ્યુટી મુક્તિને પાછી ખેંચવાની બાબતનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સર્વિસ ટેક્સને ૧૨.૩૬ ટકાથી વધારીને ૧૪ ટકા કરવામાં આવ્યો છે. જે જુનમાં અમલી બની ગયો હતો. નાણાં મંત્રાલય દ્વારા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ તમામ પગલાના કારણે પરોક્ષ કરવેરા વસુલાતમાં ૧૪.૫ ટકાનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૫-૧૬ માટે પરોક્ષ કરવેરા મહેસુલનો આંકડો ૬.૪૬ લાખ કરોડ રાખવામાં આવ્યો છે. જે વર્ષ ૨૦૧૪-૧૫ માટેના સુધારવામાં આવેલા અંદાજ ૫.૪૪ લાખ કરોડના આંકડાની સરખામણીમાં ૧૯ ટકા વધારે છે. ગયા વર્ષના સરખામણીના આંકડાની દ્રષ્ટિએ એપ્રિલ-જુનમાં પરો૭ કરવેરા રેવેન્યુ આંકડો વધ્યો છે. અન્ય પરોક્ષ કરવેરા વસુલાતમાં કસ્ટમ રેવેન્યુનો આંકડો ૪૭૦૮૦ કરોડનો એપ્રિલ-જુનમાં રહ્યો છે. જ્યારે સર્વિસ ટેક્સ વસુલાતનો આંકડો ૪૫૨૩૯ કરોડનો રહ્યો છે. જે એક વર્ષ અગાઉની સરખામણીમાં ૧૬.૪ ટકા વધારે રહ્યો છે.